
# ઘરેલુ હિંસાથી પીડિત સ્ત્રીઓને મદદ કરી શકવા માટે સ્વાસ્થ્ય કર્મીઓ માટેની માર્ગદર્શીકા




## પ્રસ્તાવના :

સ્ત્રીયો વિરુદ્ધ હિંસા શબ્દાવલીમાં ખરાબ વ્યવહાર અને વર્તનની ખૂબ મોટી યાદી સમાયેલી છે, જે સ્ત્રી સાથે કરવામાં આવે છે, કારણ કે તે સ્ત્રી છે. અથવા તો આ પ્રકારનું વર્તન અન્ય જૂથોની સરખામણીમાં સ્ત્રી સાથે ભારે માત્રામાં કરવામાં આવે છે અને સ્ત્રીઓ પર તેની અસર પણ વધુ પ્રમાણમાં દેખાય છે. (સીડો)

સ્ત્રીઓ સામે હિંસાની નાબૂદી અંગેના સંયુક્ત રાષ્ટ્ર સંઘના જાહેરનામાની કલમ – ૨ મુજબ લિંગ આધારિત હિંસાની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છે: “જાતિ આધારિત હિંસા કે જે જાહેર અથવા ખાનગી જીવનમાં થતી હોય, કોઈ પણ કાર્ય કે જેનું પરિણામ શારીરિક, જાતિય અથવા માનસિક નુકસાનીમાં પરિણમતું હોય અથવા પરિણમવાનું હોય અથવા તો સ્ત્રીઓને એવી પીડા કરવામાં આવે કે જેમાં અમુક કાર્યની ધમકીઓ, દબાણ અથવા આપખુદ રીતે સ્વતંત્રતાથી વંચિત રાખવું”. તેને સ્ત્રીઓ વિરુદ્ધ હિંસા કહી શકાય. આવું કૃત્ય ઘરની અંદર (ઘરેલું હિંસા), જ્ઞાતિમાં (બલાત્કાર, જાતિય સતામણી, દેહદમન તથા બળજબરીપૂર્વક દેહવિક્રય) અથરા તો રાજ્ય દ્વારા (કેદ દરમ્યાન ત્રાસ, નિરાશ્રિતો સામે હિંસા, ચાલુ જંગ અથવા તો જંગ દરમ્યાન સરકારી અધિકારીઓ દ્વારા બળાત્કાર) કરવામાં આવેલ હોય ઘણા સ્વરૂપો લઈ શકે છે. જાતિય હિંસા જેમ કે શારીરિક, માનસિક ત્રાસ, લૈંગિક હિંસા અને અર્થિક નિયંત્રણ /વંચિતપણું.

કયાંય પણ અને કોઈ પણ સ્વરૂપે હિંસા સ્ત્રીઓના વિકાસને નિયંત્રિત કરે છે તેમજ તેઓને વ્યક્તિગત કાર્યક્ષમતા અને પ્રગતિ પ્રાપ્ત કરતા અટકાવે છે. આ પ્રકારની સ્ત્રી હિંસા દુનિયામાં સૌથઈ વધુ પ્રચલિત છે અને માનવ અધિકારનું હનન છે. જે તમામ સ્ત્રીઓને તેમી જ્ઞાતી, જાતિ અને આર્થિક દરજજાથી ઉપર ઉઠી ઉડી અસર કરે છે.

આપણા સમાજમાં, સ્ત્રીઓ વિરુદ્ધ હિંસાને સામાજિક સ્વીકૃતિ મળેલ છે. દાખલા તરીકે, જ્યારે પતિ, પિતા, ભાઈ , પુત્ર અથવા સ્ત્રી સભ્યો પિયર અથવા સાસરીમાં બીજુ સ્ત્રીઓ ઉપર હિંસા આચરે છે ત્યારે કોઈ વાંધો ઉઠાવતું નથી. અને આવઈ વર્તાણૂંકને કૃત્ય કરનારના અધિકાર અને વિશિષ્ટ સત્તા તરીકે ગણવામાં આવે છે. અને હિંસાથી પિડિત સ્ત્રીઓ પાસે શરીર અને મન પર થતાં દર્દ ને ચૂપચાપ સહન કરવું અથવા અવાજ ઉઠાવા સાથે સંકળાયેલા અસહ્ય સામાજિક ડાઘ (લાંછન) નો સામનો કરવા સીવાય કોઈ વિકલ્પ નથી.

મહિલા હિંસાના આ પ્રકારના ભયાનક અને પ્રપંચી સામાજિક સંદર્ભને લીધે, સમસ્યાનું તટસ્થ પ્રમાણ નક્કી કરી શકવું તે એક ખૂબ મોટો પડકાર છે. ઘણી વખત આવી હિંસા એવા ડરના કારણે દર્શાવવામાં આવતી નથી કે તેને ગંભીરચાપૂર્વક નહી લેવામાં આવશે. આવા બધાં અંતરાયો અને મુશ્કેલીઓ હોવા છતાં આંકડાઓ આઘાત પહોંચાડનારા છે. ૨૦૦૩ ના વર્ષમાં યુનિફેમ દ્વારા કરવામાં આવેલ અભ્યાસ પ્રમાણે દરેક ત્રણમાંથી એક સ્ત્રીને માર મારવામાં આવેલો હોય છે, શારીરિક સંબંધ કરાય છે, અને જીવનમાં ક્રુરતાનો ભોગ બનેલ હોય છે. જાતિય આધારિત ગર્ભપાતો અને બાળકી હત્યાના લીથે દુનિયામાં ૯ કરોડ સ્ત્રીઓ ગુમ (ઓછી/અદ્રશ્ય) થાય છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (૨૦૦૫) એ ઘરેલું હિંસા માટે સૌથી વિગતવાર અભ્યાસ કરેલ અને તેમાં જણાવેલ કે દુનિયામાં દર ૬ સ્ત્રીઓમાંથી ૧ સ્ત્રી ઉપર ઘરેલુ હિંસા થાય છે. આવા આંકડાઓ ભયજનક રીતે ખાસ કરીને ભારતના જે આંકડાઓ છે તેનાથી વિપરીત નથી. NCRB – નેશનલ ક્રાઈમ રેકર્ડસ બ્યુરો મુજબ વર્ષ ૨૦૦૫ દરમ્યાન દેશમાં સ્ત્રીઓ સામેના ગુનામાં કુલ ૧,૫૫,૫૫૩ ફરિયાદ કરવામાં આવેલ હતી. આ બધા આંકડાઓ એવું દર્શાવે છે કે આ પ્રશ્ન મોટા પાયા ઉપર પ્રસરેલો છે અને આમ તેને સ્ત્રીનો અંગત પ્રશ્ન તરીક ગણાતો અટકાવી, તેને જાહેરમાં પ્રકાશમાં લાવવાની જરૂર છે.

ઘરેલુ હિંસા તે સ્ત્રીઓ વિરુદ્ધ હિંસાનું સૌથી વધારે પ્રસરેલું સ્વરૂપ છે જે આજે દુનિયામાં સાર્વત્રિક રીતે વ્યાપક છે. માનવ હકકોના મુદ્દાની સાથે સાથે વિશ્વ આરોગ્ય સંસ્થાએ ૧૯૯૩ માં સ્ત્રીઓ સામે થતી હિંસાને સ્વાસ્થ્યના મુદ્દા તરીકે પણ ઓળખી છે. આ ક્ષેત્રમાં તેમની પ્રવૃત્તિઓના ભાગરૂપે વિશ્વ આરોગ્ય સંસ્થાએ હિંસાથી પિડિત મહિલાઓને સારવાર પૂરી પાડતા તબીબો અને સ્વાસ્થ્ય કર્મીઓની

નૈતિક જવાબદારી સમજાવતી માર્ગદર્શિકા બહાર પાડેલ છે. વધુમાં ઘરેલું હિંસાથી સ્ત્રીઓના રક્ષણનો કાયદો, ૨૦૦૫, પણ સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડનારાઓને કાયદાનો અમલ કરવા માટે પ્રેરિત કરે છે. પરંતુ સ્વાસ્થ્ય કર્મીઓ સામાન્ય રીતે 'સ્ત્રી હિંસાને' ફક્ત કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન ગણે છે તથા ઘરેલું હિંસાને (ખાસ કરીને) વ્યક્તિગત બાબત માને છે. વધુમાં, આ મુદ્દા ઉપર તેઓની સજાગતા નથી કારણ કે દાકતરી અને નર્સીંગનું પ્રશિક્ષણ હિંસાને સ્વાસ્થ્યના પ્રશ્ન તરીકે જોતું નથી. આમ, સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડનારાઓ હિંસાની અસરો દૂર કરવામાં કાયદા પ્રમાણે પોતાની ભૂમિકા સ્વીકારે અને ભજવે, માટે તેઓને સ્ત્રી હિંસાના મુદ્દે સંવેદનશીલ કરવાની જરૂર છે આ સાથે તેઓને, હિંસાની શિકાર મહિલાઓને કઈ રીતે ઓળખવી, તપાસવી અને તેમની પરિસ્થિતિને પહોંચીવળવા માટેની માહીતી અને પધ્ધતીઓ થી અવગત કરાવવાની જરૂર છે.

નીચે દર્શાવેલી માર્ગ દર્શિકાઓ, 'દિલાસા'[1] કાર્યક્રમ હેઠળ સ્વાસ્થ્ય કર્મીઓ સાથેની સીધી કામગીરીના અનુભવોના આધારે છે. અને આ સ્ત્રી હિંસાના મુદ્દે શિક્ષણની પ્રક્રિયાને આગળ વધારવાના ઉદ્દેશ્યથી લખાયેલી છે.

**કાયદાકીય આદેશ**

ઘરેલું હિંસાથી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો, ૨૦૦૫ - ઓકટોબર ૨૦૦૬ થી અમલમાં આવેલ છે અને સ્વાસ્થ્ય સવલતોને કાયદાનું પાલન કરનારા તરીકે, તેમજ આવી દાકતરી સેવાઓની ઘરેલું હિંસાનો સામનો કરતી સ્ત્રીઓ માટેની ભૂમિકા નક્કી કરેલાં છે. કાયદના ભાગ - ૨ ની કલમ ૩(૧), પેટા કલમ-૧૭ મુજબ કોઈપણ સંજોગોમાં પીડાયેલ સ્ત્રીઓને દાકતરી સગવડો આપવાની ના પાડી શકાય નહીં. વધુમાં જો જરૂરી લાગે તો દાકતરી સેવાના મુખ્ય અધિકારી માટે એ જરૂરી છે કે તેણે ઘરેલું બનાવનો અહેવાલ જો કોઈએ તૈયાર કરેલ ના હોય તો તેણે તૈયાર કરવો તથા તે વિસ્તારના કાયદા હેઠળ નિમાયેલા સુરક્ષા અધિકારીને તે મોકલી આપવો. દાકતરી તપાસનો અહેવાલ સ્ત્રીઓને પણ ફરજિયાતપણે કોઈપણ જાતના ખર્ચ વગર આપવો.

## (૧) સ્ત્રી વિરુદ્ધ હિંસા તે સ્વાસ્થયનો મુદ્દો શા માટે છે ?

### સ્વાસ્થ્ય પર ઘરેલું હિંસાની અસરો

સાહિત્યયિક પુરાવા એવું છે કે ઘરુલું હિંસાના કારણે ઘરેલુ હિંસાની ઉંડી અસર પિડિત મહિલાઓના શરીર તથા માનસીક સ્વાસ્થ્ય થાય છે, જેથી બિમારીનો બોઝો, ખૂબ મોટા પાયા પર વધે છે.

- ઘરેલું હિંસા બહોળા પ્રમાણમાં તાત્કાલિક અને લાંબાગાળના પરિણામો સાથે સંકળાયેલી છે. સ્ત્રીઓની શારીરિક અને માનસિક ઉર્જા શોષી લેવી, શારીરિક અને પ્રજનન સ્વાસ્થ્ય પર આડ અસર થવી, પિડિત સ્ત્રીઓ ની જાતીય રીતે સંક્રાત્મક ચેપી રોગો અને એચ.આઈ.વી. એઈડ્સ જેવા રોગોના શિકાર પણ બની શકવાની શક્યતાઓ વધે છે. (જાગતિક આરોગ્ય સંઘટના, ૨૦૦૫)
- ભારત તે એવા દેશોમાંનો અહૃઢ દેશ છે કે જેમાં સગર્ભાવસ્થા દરમ્યાન સૌથી વધુ હિંસા ૧૮% થી ૨૮% પ્રવર્તે છે તેમ જણાયેલ છે. (ખોસલા, ૨૦૦૫, પેડીકેઈલ એ. એટ અલ, ૨૦૦૪)
- સંશોધન દર્શાવે છે કે સગર્ભાવસ્થા દરમ્યાન ઘરેલું હિંસા તથા ગંભીર બીમારી, બાળમૃત્યુ પ્રમાણ, ગર્ભનો અસ્વભાવિક વિકાસ તથા માતઋમરણ વચ્છે નજીકનો સંબંધ છે. (જી.જી.ભોય, એસ.જે., ૧૯૯૮, બી.આર.ગણાત્રા, કે. જે. કોયાજી, વી.એન. રાવ, ૧૯૯૮)
- સ્ત્રીઓના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય ઉપર હિંસાની ઉંડી અસર થાય છે, તેઓના સ્વાભિમાનને ક્ષીણ કરે છે (કોતરી ખાય છે.) પરિણામે સ્ત્રીએ અનેક પ્રકારના માનસિક સ્વાસ્થ્યના પ્રશ્નોથી પિડાય છે. અને ઘણી વખત આત્મહત્યા કરવા પણ પ્રેરાય છે. (વિશ્વ આરોગ્ય સંસ્થા, ૨૦૦૫)
- અ્યાચાર, કનડગત સહન કરતી સ્ત્રઓમાં આપઘાત કરવાની શક્યતા અન્ય સ્ત્રીઓ જેના જીવનમાં હિંસા નથી તેમની તુલનામાં ૧૨ વખત વધારે થે. (કુટુંબમાં સ્ત્રઓ વિરુદ્ધ હિંસા, સંયુક્ત રાષ્ટ્ર સંઘ, ન્યુયોર્ક, ૧૯૮૯).
- ઓસ્ટ્રેલીયા, નિકારાગુવા, અમેરીકા અને ઝીમ્બાબ્વેમાં થયેલ અભ્યાસ મુજબ જે સ્ત્રીઓ તેમના સાથીદારો દ્વારા આત્યાચાર નો ભોગ બનેલ હોય તેવી સ્ત્રીઓને અન્ય સ્ત્રીઓની સરખામણીમાં નિરાશા, ચિંતા દહેશતા ડર નો વધારે તથા સંભવ છે. (વિશ્વ આરોગ્ય સંસ્થાનો અહેવાલ : રોખર્ટસ જી.એલ. એટ.એલ. ૧૬૯૯૮, એલ્સબર્ગ અને સાથીઓ ૧૯૯૯, ફીકરી એફ એફ ભટ્ટી, ૧૯૯૯, ડેનિયલ,ન કે કે એટ. અલ. ૧૯૯૮).

વધુમાં, ઘરેલું હિંસા તથા તંદુરસ્તી વચ્ચે સીધો સંબંધ છે. માનસિક બિમારીઓ, એચ.આઈ.વી. એઈડ્સ, ટી.બી. વિગેરે રોગોથી પિડીત સ્ત્રીઓ ઘણી ફખત હિંસાને સહન કરતી રહે છે.

### સ્વાસ્થ્ય કર્મીઓ સાથે હિંસાથી પિડીત મહિલાઓનો સંપર્ક

સ્વાસ્થ્યની સમસ્યોઓ તેમજ હિંસાના કારણે થયેલી ત્રજાઓ માટે સારવાર લેવા સ્ત્રીઓ સ્વાસ્થ્ય સેવાઓ તરફ જાય છે. એ જાણીતી હકીકત છે કે હિંસાનો સામનો કરતી સ્ત્રી વકીલ અથવા પોલીસ કરતાં ડોકટર પાસે વધારે જાય છે. ભારતનાં સાત શહેરોમાં વિવિધ જગ્યાએ કરવામાં આવેલ અભ્યાસ પરથી એવું જાણવા મળએલ છે કે જે સ્ત્રઓએ હિંસાનો સામનો કર્યો હોય અને હિંસા નોંધાવેલ હોય તેમાની લગભગ અડધી ભાગની સ્ત્રીઓ (૪૫.૩ ટકા) ને સારવારની જરૂર હતી. (ઈનકલેન, ૨૦૦૦). અન્ય અભ્યાસ જેમાં મુંબઈના શહેરી વિસ્તારના સરકારી અસ્પતાલના અકસ્માત વિભાગના એમરજન્સી પોલીસ રજીસ્ટર ની તપાસ આધારીત શોધના આધારે એવુ જણાયેલ છે કે ૧૫ વર્ષથી ઉપરની સ્ત્રીઓમાંની ૨/૩ સ્ત્રીઓ (૬૬.૭૦% અથવા ૪૯૭/૭૪૫) ચોક્કસ પણ અથવટ સંભવિત પણ ઘરેલુ હિંસાના બનાવો હતા (ડાગા એટ આલ, ૧૯૯૮). માટે જ સ્વાસ્થ્ય સેવા આપનારા વ્યવસાયિકો હિંસાથી પિડીત સ્ત્રીઓ સુધી પહોંચી શકવાની સ્થિતીમાં છે. તેઓ હિંસાથી ઈજા પામેલી સ્ત્રી માટેના સૌથી ચોક્કસ અને સંભવિત રીતે સૌથી પહેલા સંપર્ક છે. ઘણી વખત અત્યાચાર, કનડગત, નિંદા, દુરૂપયોગ કે અપમાન કરવામાં આવેલ સ્ત્રીઓ એવાં સ્વાસ્થ્ય કર્મીઓ પાસે જાય છે કે જેઓ હિંસાને ઓળખઈ શકવા માટે તાલીમ પામેલા હોતા નથી. આ કારણે કાળજી આપનારા આ તાત્કારિક ઈજાઓ માટે સારવાર આપી આવી સ્ત્રીઓને સંપૂર્ણ કાળજી અને તબીબી સહાય પૂરી પાડવાની તક ગુમાવે છે. હિંસાનો સામનો કરતી સ્ત્રીઓને વહેલામાં વહેલી તકે

[1] 'દિલાસા' એ કટોકટીની વેળાએ સલાહસૂચન આપતો વિભાગ છે જે કે.બી. ભાભા (બાંદ્રા અને કુર્લા) હોસ્પિટલોમાં કાર્યરત પ્રકલ્પ છે. આ વિભાગ ઘરેલું હિંસાનો સામનો કરતી બહેનોને સામાજિક અને મનોવૈજ્ઞાનિક ટેકો આપે છે. ભાભા હોસ્પિલના બધા જ કર્મચારીઓને તાલીમ આપવામાં આવી છે અને તેઓ મહિલા દર્દીઓને આ વિભાગમાં આવશ્યકતાનુસાર મોકલે છે.

ઓળખી, સ્વાસ્થ્ય કર્મી/કાળજી આપનાર નો યોગ્ય હસ્તક્ષેપ, હિંસાના આકરા અને વધુ જોખમી પરિણામોને અટકાવી શકે છે. હિંસાથી પીડીત સ્ત્રીઓને સ્વાસ્થ્યના વ્યવસાયિકો ઉપર વધુ વિશ્વાસ હોય છે તેમજ અન્ય કોઈ વ્યક્તિઓ કરતાં તેઓ તેમના સમક્ષ પોતાના પ્રશ્નો વધારે જાહેર કરે તેવી શક્યતા છે. સ્ત્રી સ્વાસ્થ્ય કર્મીઓને પોતાના સગા સંબંધીઓ કરતાં બિનાભયાજનક ગણે છે. અને તેથીજ તેઓ તેમની પાસે કોઈપણજાતના સંબંધીઓ જે કદાચ પોતેજ હિંસા આચરતા હોય કે જે તેમના વિશે જાણી જશે તેવા ડર વગર પહોંચે છે.

દિલાસા દ્વારા કરવામાં આવેલા કાઉન્સેલીંગ (પરામર્શ)ની અસરકારકતાના અભ્યાસ પ્રમાણે તમામા જવાબ આપનારાઓએ કેન્દ્રના, જાહેર હોસ્પિટલમાં સ્થાપિત હોવાની બાબતને હકારાત્મક પ્રતિભાવ આપેલો અને જણાવેલુ કે કેન્દ્ર હોસ્પિટલમાં હોવાને કારણે મહિલાઓ તેની સેવાઓનો લાભ્ય સહેલાથી મેળથી શકે છે. તેમના કારણો નીચે મુજબ છે:

- હિંસામાંથી પરિણમતી સખ્ત ઈજાઓ માટે દવાખાનામાં તાત્કાલિક સારવાર મળી શકે છે.
- અત્યાચાર, કનડગત, નિંદા, દુરૂપયોગ કે અપમાન કરવામાં આવેલ હોય તેવી સ્ત્રીઓ એક જ જગ્યાએ દાકતરી તેમજ પરામર્શની સારવાર મેળવી શકે છે કે જે બીજી કોઈ જગ્યાએ પ્રાપ્ત નથી.
- દવાખાનાનું સ્થળ સેવાઓની દ્રશ્યતા વધારે છે, આમ તેમાં જવા માટે પ્રોત્સાહન પૂરૂં પાડે છે.
- જે સ્ત્રીઓ તેમના ઉપર અત્યાચાર, કનડગત, નિંદા, દુરૂપયોગ કે અપમાન કરનારાઓ તરફથી પોતાના વહેમ અથવઆ તો પોતાના હલનચલન અંગે વધારે નિયંત્રોણોનો સામનો કરતી હોય તેવી સ્ત્રીઓને દવાખાનાની મુલાકાતના બહાના હેઠળ દિલાસામાં આવવાનું સહેલુ. જણાય છે.

### દાકતરી તપાસ - કાયદાકીય પૂરાવાઓ નું દસ્તાવેજીકરણ :

તબીબી સેવાના સ્થળ ઉપર, અત્યાચાર, કનડગત કે અપમાનથી પરિણમતી સ્વાસ્થ્યની ફરિયાદોના મહત્વના દસ્તાવેજો બનાવી શકાય છે. જો અત્યાચાર, કનડગત, નિંદા, દુરૂપયોગ કે અપમાન પામેલી સ્ત્રીઓ કાયદાની પ્રક્રિયા અનુસાર પગલાં લેવાનો નિર્ણય કરે તો તેઓ આવા દસ્તાવેજનો ઉપયોગ કાયદાની અદાલતમાં પૂરાવા તરીકે કરી શકે છે. આ બાબતની વધારે વિગતવાર ચર્ચા આ દસ્તાવેજમાં પછીથી કરવામાં આવેલ છે.

## (૨) સ્વાસ્થ્ય કાળજી પૂરી પાડનારા તરાકે તમે શું કરી શકો ?

સ્વાસ્થ્ય કર્મી અને તંદુરસ્તીના વ્યવસાયીકારતરીકે હિંસાથી પીડાતા હોય તેવા દર્દીઓને સારવાર પુરી પાડવી અને તેઓનું સ્વાસ્થય જળવી ફક્ત શારીરિક ઈજાઓની સારવાર કરતાં વધારે આગળ જઈ બિમારીનું સાચું કારણ શોધવા તરફ માનસિક સંભાળની જોગવાઈ તથા હિંસાના હિસ્સાઓમાં યોગ્ય સંસ્થાઓ ને મોકલવા માટેના નિર્ણય સુધી જાય છે.

### ૧. અત્યાચાર, કનડગત, દુરૂપયોગ પામેલી સ્ત્રીઓની ઓળખ :

**તપાસ માટે સુચવેલ સવાગો**

તમો ઘરેલું હિંસા માટે અત્યાચાર, કનડગત, દુરૂપયોગ પામેલી સ્ત્રીઓને સીધા અથવા આડકતરા સવાલો પૂછીને તેને ઓળખી શકો.

**સીધી પૂછપરછ :**

- કારણ કે સ્ત્રીઓની જિંદગીમાં હિંસા એટલી બધી સામાન્ય છે કે અમોએ બધા દર્દીઓને તે અંગે પૂછવાનું ચાલુ કરેલ છે.
- તમને ક્યારેય પણ લાતો, મુક્કાઓ, લાફાઓ, ધક્કો અથવા અન્ય રીતે કોઈપણ વ્યક્તિ દ્વારા તમારા ઘરમાં ઈજા પહોંચાડવામાં આવેલ છે ?
- તમારા સાથી તમને ક્યારેય પણ સંભોગ કરવાની ઈચ્છા ન હોય તેમ છતાં તે માટે તમને ફરજ પાડે છે ? તેણે ક્યારેય પણ સલામત સંભોગ માટે ના પાડેલ છે ?

**આડકરતી રીતે પૂછપરછ :**

- તમારી ઈજાઓ આકસ્મિક હોય તેના જેવી દેખાતી નથી. મને એ બાબત અંગે ચિંતા થાય છે કે તમારા લક્ષણો કોઈ વ્યક્તિએ તમને ઈજા પહોંચાડી હોય તેવા દેખઆય છે. કોઈપણ વ્યક્તિએ આ ઈજાો કરેલી છે ?
- તમારી ફરિયાદો માનસિક તાણ સંબંધી જણાયછે. તમોને તમારા સાથીદાર / જીવનસાથી સાથે કે ઘરમાં કંઈ તાણ અનુભવો છો ?

(કૌટુંબિક હિંસા અટકાવવાના ફાળા માંથી રૂપાંતરિત, સન ફ્રાન્સિસકો, રોજબરોજ ની તપાસ ને લગતા ચિકિત્સાલય માર્ગદર્શનો).

અત્યાચારની તપાસ દરરોજની માફક અથવા તો ખાસ પરિસ્થિતી જેમ કે, જ્યારે અત્યાચારના લક્ષણો જણાય ત્યારે કરી શકાય (કોઈ વ્યક્તિ/ સ્ત્રી પોતે અત્યાચાર ની વાત કરે તેનો યહ જોવે તેના કરતા રોજ બરોજ ની તપાસ હિંસાગ્રસ્ત સ્ત્રીઓનો વધારે શોધી કાઠવા માં મદદરૂપ છે. ) તબીબી સેવાઓ જેવી કે આકસ્મિક, માનકિસ, પ્રસૂતિ અને એ.એન.સી. મોટી સંખ્યામાં અત્યાચાર ઝેલતી સ્ત્રીઓના સંપર્કમાં આવે છે. આ સેવાઓ, હિંસાગ્રસ્ત સ્ત્રીને મદદ કરવાની પહેલ માટે સારી તક પૂરી પાડે છે. તેથી આવી સેવાઓમાં તો હિંસાના લક્ષણ માટેની તપાસ સામાન્ય તપાસનો ભાગ અવશ્ય હોવી જોઈએ. આ ઉપરાંત તમારે એ યાદ રાખવાની જરૂર છે કે હિંસા ઘણાબધા રોગો માટે જોખમી પરિબળ છે. તમો જ્યારે સ્ત્રી દર્દીને જૂઓ છો ત્યારે તમોએ ફરજિયાત પણે અત્યાચાર, હિંસાની નિશાની અને લક્ષણોમાં કાળજીપૂર્વક ધ્યાન આપવું જોઈએ જ્યારે તમને વહેમ જાય કે સ્ત્રી સાથે હિંસા થયેલ છે ત્યારે ખૂબજ સંવેદનશીલ રીતે તપાસ કરવી જોઈએ. પછી ભલેને તેણી ને થલેય અત્યાતાર થી મુક્તી ના મળી શકે કે તેનો ઉકેલ શક્ય નથી તે રીતે જાહેર કરે સ્ત્રી દ્વારા તમારા સમક્ષ પોતાના ઉપર થતા અત્યાચારની રજૂઆત છે. તેણીની વાત વાત ખાનગી રાખવામાં આવશે તે માટે તેને ખાતરી આપો. તેણીને એવું કહો કે તામારા અનુભવોમાં તમોએ ઘણીવખત એવી સ્ત્રીઓને જોયેલ છે કે જેઓએ હિંસા અંગે અહેવાલ આપેલ છે અને તેને ફરી ખાતરી આપો કે વાત જાહેર કરવાથી તેણીને મુશ્કેલી કે ભય થશે નહી. અત્યાચાર, કનડગત, નિંદા, દુરૂપયોગ કે અપમાન સાથે જોડાયેલ ડાઘ અને કલંક પર વિચેરણા કરતાં એ સમજી શકાય એમ છે કે તેણી પોતાને ખાનગીમાં થયેલ જૂલ્મ તમારી સમક્ષ ખલ્લો પાડવા અને વિગતો કહેવા માટે તૈયાર થશે નહીં. આવા બનાવોમાં બાબતો ખાનગી રાખવી તે સૌથી મહત્વનું છે. તમો

સ્ત્રીને સવાલો પૂછવાનું ચાલુ કરો તે પહેલાં તમારે એ બાબત અંગે ખાતરી કરવી જોઈએ કે તેણી એકલી છે. તમો જ્યારે તેની સાથે વાત કરતાં હોય ત્યારે તમો, સાથે આવેલાં લોકોને રુમની બહાર જવાનું કહી શકો. હકીકત એમ પણ હોય કે સ્ત્રીઓને કુટુંબના સભ્યોની હાજરીમાં વાત કરવાનું મુશ્કેલ લાગે છે (કે જેઓ અત્યાચાર, કનડગત, નિંદા, દુરૂપયોગ કે અપમાન કરનારા હોય) અથવા તેવું હઆ બની શકે છે કે (હિંસાગ્રસ્ત સ્ત્રીને હિસાની વાત તમને કરી છે તેવી જાણ થતા કુટુંબના સભ્યો કદાચ તેના પર ફરીથી હિંસા કરે.) સૌથી આવવા દેવામાં આવશે નહીં અને તેણી મદદ મેળવવાની તક ગુમાવશે. મનમાં એ બાબત કાયમ રાખો કે તમારી એ નૈતિક ફરજ છે કે કોઈપણ ભોગે સ્ત્રીની સલામતી જોખમમાં ન મૂકાવી જોઈએ.

**૨. લાગણીભર્યો ટેકોઃ**

સ્ત્રીના અનુભવનો સ્વીકાર અને માન્યતા, તેને સંવેદનીય ટેકો આપવામાં ઘણી મદદ કરી શકે છે. સ્ત્રીઓના અનુભવને સ્વીકારી તેને માન્યતા આપવાથી લાંબે ગાળે લાગણીભર્યો ટેકો આપી શકાય. તમારે કદી પણ તેના અનુભવનું મુખ્યાંકન કરનાર તરીકે ન વર્તવું અથવા તેને એવું ન પૂછવું જોઈએ કે શા માટે તેણીને મારવામાં આવેલ કારણ કે આનાથી તેના ઉપર એ બાબત અંગે ભાર પડે છે આથાવા ના તેને એવું લાગે છે કે તેણીનો વાંક છે. એ વાતને સ્વીકારો કે તેણીને માટે હિંસાવાળા ઘરમાં રહેવું ખૂબ જ મુશ્કેલ છે, પરંતુ તેને ખાતરી આપો કે તે એકલી નથી અને તેને મદદ મળ્યી શકે તેમ છે. તેને એવું જણાવો કે જે હિંસા થઈ છે તેમાં તેનો વાંક નથી અને દરેક વ્યક્તિને હિંસામુકત જીવન જીવવાનો અધિકાર છે.

**૩. તબીબી ટેકો :**

તમારી એ પ્રાથમિક ફરજ છે કે બધા પ્રકારની સ્ત્રીઓની ઈજાઓ માટે સારવાર પૂરી પાડવી. લાગણીશીલ બનો સાથે તેનો ઈતિહાસ લખતો વખતે અને તેને તપાસતી વખતે ચોક્કસ તેની સાથે રહો. ખાતરી કરો કે તમો હાલના અને ભૂતકાળના હિંસાના બનાવો માટે પૂછો છે. હિંસાના પરિણામે જે કાંઈ બીજી ઈજાઓ અથવા જખ્મો પડેલા હાય તે જુઓ અને તેની સારવાર કરો.

**૪. દસ્તાવેજી પૂરાવો :**

હિંસાના હિસ્સાઓમાં દસ્તાવેજી પૂરાવો એવો વિષય છે કે જેમાં સ્વાસ્થ્યની સંભાળ પૂરી પાડનારાઓએ મહત્વનો ભાગ ભજવવાનો હોય છે કારણ તે સ્ત્રી છે. જ્યારે સ્ત્રી તેણી કાયદાકીય ઉપાયોનો માર્ગ લેવાનું નક્કી કરે છે, ત્યારે તેણી હિંસા થયાનો (અને ઘણી બાબત ફક્ત મહત્વનો પૂરાવો પૂરો પાડે છે. દરેક સ્ત્રી કે જેને હિંસા થવાથી ઈજા થઈ હોય અને તે અંગે અહેવાલ આપે ત્યારે તેનો અર્થ એ છે કે તેને મેડીકો લીગલ કેસ તરીકે નોંધવો જોઈએ. સ્ત્રીને જણાવો કે દવાખાનામાં થી તમે જે કાંઈ દસ્તાવેજ આપો તેનો ઉપયોગ તે કાયદાની અદાલતમાં કરી શકે છે. સ્ત્રી પાસેથી તમે જે કાંઈ ઈતિહાસ બહાર કઢાવી તેમાં થયેલ ત્રજાઓની વિગતો તથા હિંસાના બનાવની માહિતીનો વિગતવાર સમાવેશ થવો જોઈએ. (દા.ત. બનાવનું સ્થળ, અત્યાચાર, કનડગત, નિંદા, દુરૂપયોગ કે અપમાન કરનાર સાથે સંબંધ, અગાઉ થેયેલા હિંસાના બનાવોની સંખ્યા અને તેની ઉગ્રતા અને અન્ય કોઈ સ્વાસ્થ્ય સંબંધિત પરિણામો કે જે દાકતરી મુલાકાત દરમ્યાન દેખાયા ન હોય). આ બધી વિગતોની તપાસ દરમ્યાન જે જણાયેલ હોય તેની નોંધ એમ.એલ.સી. (મેડીકો-લીગલ કેસ) દસ્તાવેજી પુરાવાનો નમૂનો નીચે જણાવેલ છે. જો તમે તાત્કાલિક સારવાર કેન્દ્રમાં કામ ના કરતા હોય તેમ છતાં તમો ઓ.પી.ડી. અથવા તો દવાખાનાના રૂમમાં જ્યારે હિંસા કે અત્યાચાર થયેલ સ્ત્રી રૂબરૂ આવો ત્યારે મહેરબાની કરીને તેણીના દ્દૅ્લ થયેલા / બહારના દર્દીના કાગળો (Out Patient / OPD) ઉપર ઈતિહાસ લખો અને તેને તાત્કાલિક સારવાર વિભાગ તરફ મોકલી આપો. જેથી કરીને મેડીકા-લીગલ કેસ નોંધી શકાય.

ઘરેલું હિંસા પ્રતિબંધક અધિનિયમ - ૨૦૦૫ હેઠળ તમારે 'ઘરેલું બનાવનો અહેવાલ' નોંધવો જોઈએ અને જો સુરક્ષા અધિકારીને જાણ ના થયેલી હોય તો તેને તે વિસ્તારના સુરક્ષા અધીકારી તરફ મોકલી આપવો જોઈએ. કોઈપણ સંજોગોમાં તમો આવી અત્યાચાર કે હિંસાથી પિડિત સ્ત્રીને સારવાર પાવાની ના પાડી શકો નહીં અને તેણીને કોઈપણ જાતના ખર્ચ વગર દાકતરી અહેવાલ આપવો જરૂરી છે. બળાત્કાર અને જાતિય હુમલાના હિસ્સાઓમાં વૈજ્ઞાનિક તપાસનો પૂરાવો દવાખાનાના નિયમ મુજબ કરજિયાત એકઠો કરવો જોઈએ. આ બધા દસ્તાવેજો સ્ત્રીનો કેસ તૈયાર કરવામાં મદદ કરે છે અને તેની જરૂરી નોંધ ફરજિયાત કરવી જોઈએ. આમ નહીં કરવાથી કાયદાકીય દ્રષ્ટીએ તમને ગંભીર રીતે જોવામાં આવી શકે છે.

**૫. માહિતી આપો અને વધારે માહિતી/મદદ માટે કોની પાસે મોકલોઃ**

દરેક અત્યાચાર, કનડગત કે અપમાન પામેલ દર્દીને એવું જણઆવવાની તમારી ફરજ છે કે હિંસા કોઈપણ સંજોગોમાં વ્યાજબી ઠરાવી શકાય નહી અને કોઈ પણ પ્રકારની હિંસા ગેરકાનીની છે. બહેનોને પોલીસ ફરિયાદ દાખલ કરવાનું મહત્વ સમજાવો - અને અદાલત દ્વારા તપાસ કરી ન શકાય તેવી ફરિયાદ (એન.સી.) તેમજ પ્રથમ માહિતી અહેવાલ (એફ.આઈ.આર.) નું મહત્વ સમજાવો. જ્યારે સ્ત્રી ઘરેલું હિંસાનો સામનો કરતી રક્ષણના કાયદા અને આ કાયદા હેઠળ તેને રક્ષણ મેળવવાનો હક્ક છે તેમ પણ કહેવું જોઈએ. સલામતી અંગે તપાસ કરો. જો ઘેર પાછા જવામાં સલામતી ના હોય તો તમો આશ્રય ગૃહો વિશે માહિતી આપી શકો અથવા જો શક્ય હોય તો આવી કોઈપણ સંસ્થા/ગૃહોમાં મોકલવાની વ્યવસ્થા કરી, શક્ય હોય તો મોકલી આપો. તમો કાયદાકીય મદદ અંગે માહિતી પણ આપી શકો તેમજ પિડિત માટે પરામર્શ (સલાહકાર) મદદ કરનાર અથવઆ તો ટેકો આપનારા જુથોની સલાહની સેવાઓ માટે માહિતી/મદદ આપી શકો. આવા આશ્રય ગૃહો, ટેકો આપનારા વર્ગો તેમજ પરામર્શ/સહાય કેન્દ્રોની યાદી હાથ ઉપર કાયમ રખવી યોગ્ય છે.

સ્ત્રીને તેને માટે જે મદદ પ્રાપ્ત છે, તે અંગેની માહિતી આપવાથી, તેણીને વિકલ્પ પસંદ કરવામાં મદદ મળે છે. તેમ છકાં દરેક હસ્તક્ષેપ માટે વ્યક્તિગત તેમજ કાયદાકીય પરીણામો હોય છે જેની માટે સ્ત્રીએ પોતે વિટારણા કરવી જોઈએ. એ બાબત ધ્યાનમાં રાખો કે દરેક સ્ત્રી પોતાની જિંદગીમાં નિષ્ણાંત છે અને નિર્ણયો લેવામાં તેણીની સ્વાયત્તતાને તમારે ફરજિયાત માન આપવું જોઈએ.

## ૩. એવા ક્યા અને કેટલાંક લક્ષણો અને નિશાનીઓ છે કે જે તમોને ઘરેલું હિંસાને સામનો કરતી સ્ત્રીઓને ઓળખવામાં મદદ કરી શકે ?

### સ્ત્રી રોગ/પ્રસૂતિશાસ્ત્ર વિભાગ

- હુમલાનો ઈતિહાસ
- વારંવાર પ્રસૂતિ
- વારંવાર બાળકીનો જન્મ
- સ્વયંસ્ફૂરિત ગર્ભપાતો
- એમ.ટી.પી. કેસો
- અપરણિત માતાઓ/વિધવા સગર્ભા
- સફેદ સ્ત્રાવ
- સુવાવરડ પછી માનસિક અસ્વાસ્થ્યપણું
- સ્ત્રીઓના પ્રજોત્પતિના આંતરિક અને બાહ્ય પડોઊપર ઈજાની નિશાણીઓ, સ્તન, છાતી અને/અથવા અન્ય જાતિય અંગે ઊપર ઈજાઅની નિશાનીઓ
- ગર્ભમાં રહેલા બાળકની રક્ષા માટેના આચ્છાદનનું ઉમાપણું
- પેટાના સોજાનો રોગ
- ફળદ્રુપતાનો અભાવ (વાંઝપણું)
- બધા ગર્ભવતી સ્ત્રીઓના કેસો
- પ્રસૂતિ દરમ્યાન પડી જવાનો ઈતિહાસ

### આંખનો વિભાગ

- આંખના ઈજા
- ચાઠાવાળી આંખ
- બાકીના બધા દર્દીઓ

### દવાનો વિભાગ

- ઝેર પીવાનો ઈતિહાસ
- શ્વાસ અટકવો
- વારંવાર બેભાન ઝઈ જવું
- સોજો
- વારંવાર તંદુરસ્તીની ફરિયાદો સામાન્ય અહેવાલો સાથે
- કાયમી એનેમિયા
- સતત શરીરનો દુ:ખાઓ, માથાનો દુ:ખાવો અને/અથવા પીઠનો દુ:ખાવો
- એકાએક વજન ઘટાડો
- ક્ષય (ટિ.બી.)
- તાવ
- ક્ષયના લાંબા સમયના ડાઘા
- તામશી આંતરડાના લક્ષણો
- ભૂખ ન લાગવી

### હાડકાંનો વિભાગ

- બધા પ્રકારના અસ્થિભંગો
- બધીરીતે પડી જવખું/ઘરેલું હુમલાઓ
- સામાન્ય સાંધા ઉપર ઈજા
- હાડકાંને જોડનાર માંસપેશીઓને થયેલી ઈજા
- છુંદાયેલો જખ્મ
- પીઠ, ખભા અને ગરદનમાં કાયમી દુ:ખાવો

### તાત્કાલિક સારવાર વિભાગ

- હુમલો
- ઝેર પીવું/આપઘાતનો પ્રયાસ
- દાઝી જવું
- અસ્થિ ભંગો
- પડી જવાના/હુમલાના ઈતિહાસ સાથેની સગર્ભાવસ્થા
- શરીર પર ઉઝારડા, કપાયેલી ચામડી અને/અથવા શરીર પર ઘસરકાઓ
- સામાન્ય અહેવાલો હોવા છતાં વારંવાર તંદુરસ્તી માટેની ફરિયાદ
- બાકીના રહેલ બધા સ્ત્રી દર્દીઓ

### માનસિક રોગનો વિભાગ

- ઉદાસિનતા
- અનિંદ્રાનો રોગ
- આપઘાતના પ્રયત્નો
- ચિંતા/ભાર
- સ્વ નુકસાન
- નિરંતર/ફરજિયાત અવ્યવસ્થા
- અવ્યવસ્થિત રીતે ખાવું
- નશીલી દવાઓનું સેવન
- વારંવાર તંદુરસ્તીની ફરિયાદ

### બાળ રોગ વિભાગ

- બાળકનો દુરૂપયોગ (બધા કેસોમાં)
- જાતિય દુરૂપયોગ
- બેધ્યાનપણું
- નિરંતર પોઢાનું દર્દ
- વારંવાર માથુ દુ:ખવું
- હથિયારનો ઘા, છુંદાયેલો જખ્મ, ચામડી કાટવી, ઉઝરડા થવા
- તરૂણાવસ્થા પ્રાપ્ત કરતા પહેલાં વીર્ય સ્ખલન
- પેશાબમાં ગરમી
- બાળક સ્તનપાન કરતું ન હોય
- પથારી ભીની થવી
- એનેમીયા

### કાન – નાક – ગળાનો વિભાગ

- કાનના પડદામાં કાણા
- બધી ઈજાઓ અને અસ્થિભંગો
- બંધ થયેલ જડબું
- ઓછું સંભળાવાનો ઈતિહાસ
- કાનોમાંથી કાયમ માટે પ્રવાહી નિકળવું
- એકાએક આવાજ બંધ થવો
- ખોરાક ગળવામાં મુશ્કેલી

### વીસીટીસી

- બધા પ્રકારના એચ.આઈ.વી. + કેસો
- બાકીના બીજા બધા દર્દીઓ

### વાડકાપ વિભાગ

- હુમલાનો ઈતિહાસ
- પેઢાની ઈજા
- દાઝી જવાી ઈજા
- પડી જવાનો અહેવાલ
- બધી સ્ત્રીઓ હથિયારનો ઘા, છુંદાયેલા જખ્મ, ચામડી કાટવી અને/અથવા ઉઝરડાઓ

### ચામડી વિભાગ

- જાતિય રોગો
- પ્રજનન તંત્રના રોગો
- એચ.આઈ.વી. એઈડ્સના દર્દીઓ
- વારંવાર એલર્જીઓ
- ખરજવું
- ગર્દન, જાંઘો, કમર અને/અથવા કપાળની આજુબાજુ એલર્જીના આઠાઓ.
- ફુગનો ચેપ

### દાંતનો વિભાગ

- જડબું ભાંગવું
- દાંતો તૂટવા
- બાકીના બધા દર્દીઓ

**MEDICO LEGAL CASE**

BMPP-41-2006/07-10,00,000 HC-44

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

KMNO ........ Hospital.

| | |
|---|---|
| No. of Living Boys | No. of Living Girls |
| Advised : Vasectomy/Tubectomy MTP/ IUCD/Nirodh Oral Pills. | |
| Accepted | Date |

CASUALTY BANDRA MUMBAI-50.

O.P.D. Reg. No. XXXXX

2.05 pm

Deptt. No. M / C (F)

Date XY/NOV 2006

Name MNO Age 36 yrs

Religion XY Address ABCD

Casualty No. QRS Indoor Reg. No.

X-Ray Report No.

DIAGNOSIS

Clinic Path. Reg. No.

History Chief Complaints :- Informant : Self BB – neighbour

History of → H/o of assault by husband and sister-in-law by slaps, pulling of hair, pushing yesterday at home at about 9 AM

Examination Findings :- Complain of → c/o – ↑ frequency of urine, sudden tremors & gets ups from sleep suddenly after the quarrels

no H/o UC (unconsciousness) / Vomiting Convulsion / ENT bleed

Investigation :- on exam^n O/E : GCF pt is ambulatory, vitals stable

+ve (positive finding) = pain (P+) neck (backside)

no other external injury seen

Rx (treatment given)

Inj Voresan (3cc) IM

T Indocid 1–1–1

T Rantac 1–0–1

F.U. in OPD / SOS

P.T.O

Referred to Dilaasa Dept dr

# સ્વાસ્થ્ય સેવા પૂરી પાડનારા તરીકે તમારી શું ભૂમિકા છે ?

## અત્યાચાર કે હિંસાને ઓળખો

- અત્યાચાર, કનડગત કે હિંસા જણાવતા નિશાનીઓ અને ચિહનો માટે કાળજીપૂર્વક જુઓ.
- લાગણીસભર રીતે તપાસ કરો.
- તેણીની માહિતી ખાનગી રાખવા તથા તેણીની સલામતીને અગ્રીમતા આપવાની ખાતરી આપો.

## ભાવનાત્મક ટેકો

- બેનને ધ્યાનપૂર્વક સાંભળો.
- તેણીએ કહેલ વાતોને માનો.
- તેના અનુભવને ખરો માનો.
- તેણીને જણાવો કે હિંસા થઈ તેમા તેણીનો વાંક નથી.
- તેને ખાતરી આપો કે તેણી એકલી નથી.

## માહિતી અને મદદ માટે યોગ્ય માર્ગદર્શન

- દર્દીને જણાવો કે હિંસા ગેરકાયદેસર છે.
- પોલીસ ફરિયાદ દાખલ કરવાનું મહત્વ સમજાવો.
- તેણીની સલામતી વિશે પૂછો.
- વધુ મદદ, રહેવાનું ઘર, નોકરી, બાળકોનું શિક્ષણ ઈત્યાદિ માટે બીજી સંસ્થાઓ પાસે તેણીને મોકલો.

## તબીબી ટેકો

- વિગતવાર ઈતિહાસ લખો.
- હાલના અને ભૂતકાળની હિંસાની વિગતોનું મૂલ્યાંકન કરો.
- બધી ઈજાઓ તરફ ધ્યાન આપો. બધી ઈજાઓની સારવાર કરો.

## દસ્તાવેજી પુરાવો

- મેડીકો-લીગલ કેસ તરીકે નોંધો અને રજિસ્ટર તથા કેસ પેપરમાં દસ્તાવેજોની વિગતો આપો.
- જાતિય હિંસાના હિસ્સામાં ફોરેન્સીક પૂરાવો એકઠો કરો.
- જો તે ઘરેલું હિંસા હોય તો ઘરેલું હિંસાનો અહેવાલ તૈયાર કરો.

## (૪) સ્વાસ્થ્ય તંત્રની ઘરેલું હિંસા માટે પ્રતિક્રિયા

જે સ્ત્રીઓ ઘરોલું હિંસાનો સામનો કરે છે તેણીને અસરકારક રીતે સહાયરૂપ થવા માટે સ્વાસ્થ્ય કર્મીઓ જ નહીં પરંતુ, સમગ્ર સ્વાસ્થ્ય તંત્રનો પરીપેક્ષ બદલવાની જવાબદારી લેવી જરૂરી છે. વહીવટી માળખાં દ્વારા સ્વાસ્થ્ય તંત્રના દરેક પાસા તરફજાતીય સંવેદનશીલતાવાળા વલણની સાથે આ બાબતે નાણાંની જોગવાઈ પર પણ ધ્યાન આપવાની જરૂર છે. વધારામાં સારવાર કેન્દ્રના કર્મચારીઓને ઘરેલું હિંસા અને સ્વાસ્થ્ય પરત્વેની અસરના મુદ્દા પર તાલીમ આપવા ઉપરાંત, જરૂરી સંસાધન તેમજ ઘરેલું હિંસાના મુદ્દાને સંસ્થાકીય પ્રક્રિયામાં આવરી લેવાથી સ્વાસ્થ્યકર્મીને આ પ્રયત્નમાં તેઓની ભૂમિકા ભજવવા મદદ રહેશે. નીટે જણાવેલ કેટલીક રીતો છે કે જેમાં સ્વાસ્થ્ય સેવાઓ ફાળો આપી શકે.

**સ્વાસ્થ્યના મુદ્દા તરીકે ઘરેલું હિંસા માટે તાલીમ:**

૧. મુદ્દાઓ જેવાં કે લૈગિકતા, માનવ હક્કો અને મહિલાઓ સામે થતી હિંસા માટે સ્વાસ્થ્ય કર્મીઓને તાલીમ આપો. સ્વાસ્થ્ય કર્મીઓ (ડોકટરો, પરિચારીકાઓ, શારીરિક કસરત કરાવનારાઓ, વ્યવસાયિક સ્વાસ્થની કસરત કરાવનારાઓ, સામાજિક કાર્યકકો અને પ્રજનન કર્મચારીઓ)માં સ્ત્રીઓ વિરૂદ્ધ હિંસા વિશે તેમજ તેની સ્ત્રીઓની તંદુરસ્તી ઉપર હાનિકારક અસર વિશે જાગૃતતા ઉત્પન્ન કરો.

૨. ઉપરોક્ત તાલીમને દાકતરી તેમજસ્વાસ્થ્ય (નર્સ) પરિચારીકાના અભ્યાસક્રમોમાં દાખલ કરવા માટે કામ કરો.

૩. સામુદાયિક સ્વાસ્થ્ય સેવકો સામાજિક વિકાસ અધિકારીઓને સમાજમાં થતાં અત્યાચાર કે અપમાનને ઓળખવા યોગ્ય પગલાં અને તેમને માન્યતા આપો. તેઓ જે મુદ્રા અંગે સમાજમાં કામ કરે છે તે મુદ્દા અંગે સમાજમાં જાગૃતિ ફેલાય તે માટે તેઓને પ્રોત્સાહન આપો.

**ઘરોલું હિંસાના ભોગ બનેલાઓની વહેલી ઓળખ થાય તે ખાત્રી કરો.**

૪. બધા કર્મચારીઓને અત્યાચાર કે અપમાનને ઓળખવા માટે અને તે પ્રમાણે તેની પ્રતિક્રિયા આપવા તાલીમ આપો.

૫. દરેક ઓ.પી.ડી. ચિકિત્સાલયમાં તે ઓ.પી.ડી. ને અનુરૂપ હિંસાના ઈતિહાસ સાથે જોડાયેલ ફરિયાદ/દર્શાવતા મોટા ચિત્રો (પોસ્ટર), પત્રિકાઓ ધ્યાન ખેંચાય તે રીતે લગાડો. આનાથી સ્વાસ્થ્ય કર્મીઓને કેસની હકીકતો નોંધતી વખતે અત્યાચાર, કનડગત, નિંદા, દુરૂપયોગ કે અપમાન માટે તપાસ કરવાં પ્રેરણા મળશે.

૬. સ્વાસ્થ્ય કેન્દ્રોમાં પ્રખ્યાત સ્થળોએ મોટા ચિત્રો (પોસ્ટરો) લગાડો અને બધા સ્ત્રી દર્દીઓને ચોપાનિયાંની વહેંચણી કરો જેથી કરીને તેઓને મદદ મેળવવા માટે પ્રેરણા મળે.

૭. અમુક કેસો જેવાં કે આપઘાતનો પ્રયત્ન, દાઝી જવું અને બળાત્કાર જેવા ચોક્કસ હિસ્સાઓની સારવાર આચારસંહિતામાં ફરજિયાત દાખલ કરવી જોઈએ કારણ કે તેઓ સંગીન ઘરેલું હિંસાનો ભોગ બનવાની શક્યતા ધરાવે છે.

**સંસાધન વ્યવસ્થા સુધારો અને શિષ્ટાચાર ઘડો.**

૮. ઘરેલું હિંસાનો સામનો કરતી સ્ત્રીઓ માટે પ્રતિક્રિયા આપના શિષ્ટાચારો વિકસાવો કે જેને દરેક સ્વાસ્થ્યની કાળજી પૂરી પાડનારાએ વળગી રહેવું જોઈએ.

૯. હિસાની તપાસ માટેના પ્રશ્નો સામાન્ય ઈતિહાસ મેળવવાના શિષ્ટાચારમાં ઉમેરો.

૧૦. બહારના દર્દીઓ માટે દવાખાનામાં પૂરતી જગ્યા ફાળવો જેથી કરીને એ કેસની જીણવટભરી તપાસ દરમ્યાન એકાંત મળી રહે. વહીવટી અને માહિતી બાબતની પધ્ધતિઓ એ રીતે વિસ્તારો કે જે હિંસાનો સામનો કરતી સ્ત્રીઓના ખાનગીપણાંની જરૂરિયાતને માન આપે.

**હિંસાથી પિટિત સ્ત્રીઓને સીધો ટેકો.**

૧૧. મહિલા જુથો, પરામર્શ આપનારી સેવાઓ, કાયદાકી સેવા આપનારાઓ અને આશ્રય આપનારાઓ સાથે સંકલન કરો જેથી કરીને સ્ત્રીઓ કે જેમની ઝીણવટભરી તપાસ થઈ હોય તેઓને ત્યાં વધુ મદદ માટે મોકલી શકાય.

૧૨. અત્યાચાર કે કનડગતનો ભોગ બનેલ સ્ત્રીઓની તબીબી, સામાજિક, જરૂરિયાતો પૂરી પાડવા માટે સારવાર કેન્દ્રની અંદર વિવિધ શાખાઓની (Multi Disciplinary) ટૂકડી રચો.

૧૩. સમુદાયિક સ્વાસ્થ સેવકોને ઘરેલું હિંસાના મુદ્દા વિશે સમાજમાં જાગૃતિ ફેલાય તે માટે પ્રોત્સાહન આપો.

૧૪. હિંસા અટકાવવા માટે યુવાનો તથા અત્યાચાર કે કનડગત કરનારાઓ સાથે વાતચીત કરો.

૧૫. સ્ત્રી દર્દીઓ દ્વારા કરાયેલ નિર્ણય અને પસંદગીને માન આપો.

૧૬. સ્વાસ્થ્ય સેવા તંત્રમાં હિંસા તરફ શૂન્ય સહનશીલતાના વલણને પ્રોત્સાહિત કરો.

**આભાર:**

આ દસ્તાવેજનું વિસ્તૃતિકરણ સાના કોન્ટ્રાકટર અને પદમા દેઓસ્થાલીએ દિલાસાની ટૂકડી (ડોક્ટર સીમા મલિક, કુ. પૂર્ણિમા મગનાની, કુ. સંગીતા રેગે, કુ. લોરેન કોહેલો) ના અભિપ્રાયો અને સલાહ લઈને કરેલ છે. અમો કુ. અરૂણા ભૂર્ટે, ડો. કામાક્ષી ભાટે, ડો. નંદકિશોર સાવંત, ડો. સંજય નાગરલ, ડો. ઉષા સેલર, ભાવના મેહતા, ડો. વિભૂતિ પટેલ અને સ્વાતિ સંસ્થા, ગુજરાતના દસ્તાવેજોની સમીક્ષ તથા ફેરતપાસણી કરવા માટે તેમજ મહત્વની માહિતી પૂરી પાડવા માટે આભારી છીએ. કે.બી.ભાભા મ્યુનિસિપલ હોસ્પિટલની પિત્રકા **'ગાઈડલાઈન ફોર હેલ્થ પ્રોફેશનલ્સ ઈન રીસ્પોન્ડીંગ ટુ ડોમેસ્ટીક વાયોલન્સ'** નું ગુજરાતી અનુભવ.



**દિલાસા - સ્ત્રી અત્યાચાર નિવારણ કેંદ્ર**

સાર્વજનિક આરોગ્ય વિભાગ - કે.બી. ભાભા અસ્પતાલ, વાંદ્રે (પ.) અને
સેંટર ફૉર ઇનક્વાયરી ઇનટૂ હેલ્થ ઍંડ અલાઈડ થીમ્સ (સેહત) યાંચ્યા સંયુક્ત વિદ્યમાને

ડિપાર્ટમેંટ નં.૧૦૧, કે.બી. ભાભા મ્યુનિસિપલ અસ્પતાલ,
આર.કે. પાટકર માર્ગ, વાંદ્રે (પ.), મુંબઈ-૪૦૦ ૦૫૦.
**ફોન : ડાયરેક્ટ: ૨૬૪૦૦૨૨૯ ● ૨૬૪૨૨૭૭૫ / ૨૬૪૨૨૫૪૧**
**વિસ્તા. ૪૩૭૬, ૪૫૧૧ ઈ-મેલ: dilaasa@vsnl.net**

ડિપાર્ટમેંટ નં.૧૫, કે.બી. ભાભા મ્યુનિસિપલ અસ્પતાલ,
બેલગ્રામી રોડ, કુર્લા (પ.), મુંબઈ-૪૦૦ ૦૭૦.
**ફોન : ૨૬૫૦ ૦૨૪૧ વિસ્તા. ૨૧૨**

દિલાસા કેંદ્ર, એમ.વાય. અસ્પતાલ, ઇંદૌર, મધ્ય પ્રદેશ-૪૫૨ ૦૦૧. **ફોન : ૦૭૩૧-૨૫૨૪૨૮૮**